હયાત જુના/નવા રેશન કાર્ડના બદલે નવા રંગીન બાર
કોડેડ રેશન કાર્ડના કોડ નક્કી કરવા તેમજ રેશન
કાર્ડની કિંમત નક્કી કરવા બાબત.

**ગુજરાત સરકાર**
અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રા. બા. નો વિભાગ
ઠરાવ ક્રમાંક : કટક/૧૦૨૦૧૦/૧૧૧/પાર્ટ–૧/ક–૧
૧૪, સરદાર ભવન, છઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : /૧૦/૨૦૧૦
28 OCT 2010

<u>વંચાણે લીધા :–</u>

(૧) વિભાગનો તા. ૩/૨/૨૦૦૦ ના પરિપત્ર ક્રમાંક : કટક/૧૩૯૮/૧૭૩૨/પાર્ટ–ક
(૨) વિભાગના તા. ૨૬/૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક : કટક/૧૦૨૦૦૮/૧૧૧/ક–૧
(૩) વિભાગના તા.૫/૮/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક : કટક/૧૦૨૦૧૦/૧૧૧/ક–૧

<u>પ્રાસ્તાવિક :–</u>

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક : (૧) ના પરિપત્રથી રેશન કાર્ડની કિંમત નક્કી કરવામાં આવેલ છે. ઉક્ત સંદર્ભ (૨) થી સમગ્ર રાજયમાં હયાત જુના રેશન કાર્ડને બદલે નવા બાર કોડેડ રેશન કાર્ડ આપવાનું નક્કી કરવામાં આવેલ છે તથા સંદર્ભ (૩) થી તદન નવા બારકોડેડ રેશન કાર્ડ મેળવવા, રેશન કાર્ડમાં નામ ઉમેરવા, રેશન કાર્ડમાંથી નામ કમી કરવા તેમજ કાર્ડ વિભાજન ધ્વારા નવું રેશન કાર્ડ મેળવવાના ફોર્મ નક્કી કરવામાં આવેલ છે. હયાત જૂના રેશન કાર્ડના બદલે નવા બાર કોડેડ રેશન કાર્ડ આપતા તેમજ તદન નવા બાર કોડેડ રેશન કાર્ડ માટે લાભાર્થીઓ પાસેથી રેશન કાર્ડની કિંમત લેવાની બાબત તેમજ બાર કોડેડ રેશન કાર્ડના કોડ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :–</u>

ઉપરની વિગતો લક્ષમાં લઈ પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૧. બાર કોડેડ રેશન કાર્ડના કોડ નીચે મુજબ રહેશે.

(૧) એપીએલ–૧ કોડ–૧, (૨) એપીએલ–૨ કોડ–૨, (૩) બીપીએલ કોડ–૩, (૪) એએવાય કોડ–૪

૨. હયાત જૂના રેશન કાર્ડના બદલે નવા બાર કોડેડ રેશન કાર્ડ તેમજ તદન નવા બાર કોડેડ રેશન કાર્ડની કિંમત નીચે મુજબ રહેશે.

| ક્રમ | કેટેગરી | કાર્ડની કિંમત રૂા. | ડુપ્લીકેટ કાર્ડની કિંમત રૂા. |
|---|---|---|---|
| ૧. | એપીએલ–૧ | ૨૦/– | ૩૦/– |
| ૨. | એપીએલ–૨ | ૪૦/– | ૪૦/– |
| ૩. | બીપીએલ | નિઃશુલ્ક | ૫/– |
| ૪. | એએવાય | નિઃશુલ્ક | ૫/– |


THARAV.DOC

૩. ઉપર (૧) થી (૨) ની વિગતે આગળની યોગ્ય કાર્યવાહી નિયામકશ્રી, અન્ન, નાગરિક પુરવઠાની કચેરીએ કરવાની રહેશે.

૪. આ ઠરાવનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે તેમજ વંચાણે લીધેલ ક્રમાંક : ૧ ના પરિપત્રના સ્થાને આ ઠરાવ અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સુકેશ મોદી)
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- નિયામકશ્રી, અન્ન, નાગરિક પુરવઠા, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ
- નિયંત્રકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા
- સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ

નકલ જાણ અર્થે :

- માન. મંત્રીશ્રી, અ. ના. પુ. અને ગ્રા. બા. વિભાગના અંગત સચિવશ્રી,
- સચિવશ્રી, અ. ના. પુ. અને ગ્રા. બા. વિભાગના અંગત સચિવશ્રી,
- વિભાગના સર્વે અધિક સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી / નાયબ સચિવશ્રીના અંગત સચિવશ્રી,